# અણુબોમ્બમાં પાંગરેલો પ્રેમ

શ્રી અહિંસાસુખ વિદ્રોહી. ગઈકાલે આપનું પુસ્તક 'અણુબોમ્બમાં પાંગરેલો પ્રેમ' મળ્યું. વાંચીને આનંદ થયો. ગુજરાતી સાહિત્યમાં અત્યાર સુધી લખાયેલી નબળી નવલકથાઓની સૂચિ મેં હાલ જ બનાવી છે. એમાં તમારી નવલકથાનો યોગ્યક્રમ મૂકતા માલૂમ પડ્યું કે 'અણુબોમ્બમાં પાંગરેલો પ્રેમ' ગુજરાતી સાહિત્યની બીજી સૌથી મહાન નવલકથા છે. અલબત્ત છેલ્લેથી! તો છેલ્લી કૃતિ કઈ એવો પ્રશ્ન પૂછી શરમાવશો નહીં! મેં ઘણું વિચાર્યું કે આ કૃતિમાં એ તમામ લક્ષણો છે કે એને પ્રથમ સ્થાન મળે, છેલ્લેથી! પરંતુ પ્રથમ સ્થાને જે વ્યક્તિ બિરાજે છે એના પ્રત્યે મને ભારે મમત્વ છે. એ તો હું તમને કેવી રીતે આપી શકું? હું આપનો ક્ષમાપાર્થી છું, શ્રી અહિંસાસુખ વિદ્રોહી. આ માટે આપ મને દંડ આપવા ઇચ્છતા હો તો તમારા કોઈ પણ અણમાનિતા કવિનું ગઝલનું પુસ્તક ભેટમાં મોકલી શકો છો.

આપની નવલકથાની વિલક્ષણતા અંગે વાત કરતાં પૂર્વે હું તમને મારી વાંચનપ્રક્રિયાનો થોડો પરિચય કરાવવા ઇચ્છું છું. હું ઊંચા અવાજે કોઈ પણ કૃતિનું વાંચન કરું છું. આથી મારી આસપાસના લોકો પણ શ્રવણ કરી શકે અને તેમનો પુસ્તક વાંચન માટેના સમયનો વ્યય ન થાય. મારા પાડોશીને બે

દિવસ પૂર્વે હૃદયરોગનો હુમલો આવ્યો હતો અને એ હેમખેમ બચી ગયાં હતાં. ત્યાં મેં તમારી ‘અણુબોમ્બ...’ શરૂ કરી અને એમને ત્રીજો અને અંતિમ હુમલો આવ્યો. જે સર્જન કોઈનો વિનાશ નોતરી શકે એમાં તો કેટકેટલીય સંભાવનાઓ રહેલી છે, શ્રી અહિંસાસુખ વિદ્રોહી!

આ લખતા યાદ આવ્યું કે એમના બેસણામાં પણ મેં ધોળા પોશાકમાં સજ્જ થઈ આવેલા બે અપરિચિતોને આ નવલકથાનું કથાવસ્તુ કહ્યું હતું. એમને બ્રેઈનસ્ટ્રોક આવેલ! અને પછી એમના બેસણામાં જવાનો પણ મારે સમય કાઢવો પડેલ! ભારે મનોમંથન બાદ હું એ તારણ પર આવ્યો છું કે તમારી નવલકથાના કારણે તબીબોની અર્થવ્યવસ્થા બરાબર ચાલી શકે એમ છે. આગામી સમયમાં આ નવલકથાના કારણે જ મેડિકલમાં ખાલી રહેતી કેટલીક સીટો જો ભરાઈ જાય તો સમસ્ત દાક્તરી વિદ્યાશાખા આપની ઋણી રહેશે.

તમારી નવલકથા ‘અણુબોમ્બ...’માં અસંખ્ય વિશિષ્ટ પાત્રો છે. જ્યારે નવલકથા આટોપી ત્યારે મને વિચાર આવ્યો કે કદાચ મારી જાનમાં પણ આટલાં પાત્રો તો નહોતાં જ. એથી આપની વિશિષ્ટ રચના મારી દૃષ્ટિએ અને મારા જીવનને લઈને ઘણી બધી રીતે દ્યોતક નીવડે છે. તમારી નવલકથામાંથી મારા જીવનનો કશોક સંદર્ભ મળી આવતા, આભારી છું!

કૃતિનું જે જે વાંચન કરશે એમને જ સમજાશે કે અણુ એ નાયિકા છે અને બોમ્બ એ નાયક છે. આવું અલભ્ય અને અભિનવ શીર્ષક આપને કઈ રીતે જડ્યું એની ગડમથલમાં મારી ખીચડી બળી ગયેલી. અને બાદમાં પત્નીનાં પ્રકોપના કારણે મેં બળેલી ખીચડી જ ખાધેલી. અણુબોમ્બ...માં આટલો રસવૈભવ તમે ક્યાંથી લાવી શક્યા? હું ઇચ્છું છું કે આ

નવલકથાનો અંગ્રેજી ભાષામાં પણ અનુવાદ થાય અને પશ્ચિમી સાહિત્યના ભાવકોની ખીચડી પણ અગ્નિ સાથે રાસ રમે.

એમાંય જ્યારે નાયક-નાયિકા – અણુ અને બોમ્બ રણમાં વડલાના ઝાડની શીળી છાંયામાં પ્રથમ ભેટ કરે છે, એ દૃશ્યથી મને એકસાથે મારા જીવનમાં થયેલાં દસ-બાર પ્રેમ પ્રકરણો યાદ આવી ગયાં. તમે એમ ન સમજતા કે હું એ બધાની અહીં વિગતે વાત માંડીશ. કારણ કે એમાં અણુબોમ્બની પ્રેમ કહાની જેટલો રસવૈભવ તો ક્યાં હોય? એ વર્ણન મને પુલકિત કરી ગયું. દરેક પ્રકરણના અંત સાથે બીજા પ્રકરણને વાંચવાનો લોભ હું રોકી નહોતો શકતો. તમને તો ખ્યાલ જ છે કે નવલકથામાંથી જેવું કોઈ સારું વાક્ય લાગે કે એ હું વાંચતા વાંચતા ફેસબુક પર ટપકાવતો જઈ રહ્યો હતો. જેથી આપની કીર્તિ સમગ્ર વિશ્વમાં પ્રસરે.

પુસ્તક વાંચી પ્રતિભાવ આપજો આવું પૂછનારી ફેસબુકની મારી નારીમિત્રને મેં આપનું પુસ્તક ખરીદીને ભેટમાં આપી દીધું. ખબર નહીં કેમ? પણ હવે મને એ ફેસબુક પર દેખાતી નથી. કદાચ તમારા શબ્દોમાં ઊંડી ઊતરી ગઈ હશે અને થોડી ક્ષણો માટે તેણે ફેસબુક સંસારનો ત્યાગ કર્યો હશે.

આ રીતે જ નવલકથામાં અધવચ્ચે આવતી કેટલીક કાવ્યપંક્તિઓ મારા ચિત્તના તારને ઝણઝણાવી ગઈ. આપને જાણી આનંદ થશે કે વારંવાર પાના નંબર ભૂલી જતાં એમાંથી હું બે ત્રણ વખત પસાર થયો છું! કૃતિમાં કુલ બસ્સો સોનેટ છે એ તેની વિલક્ષણતા દર્શાવે છે, કુલ એંસી અછાંદસ વાંચીને પણ હું મુગ્ધ થયો છું. ચાલીસ ખંડકાવ્યોમાંથી બે ત્રણ પસંદ કરેલા ખંડકાવ્યો મારી દીવાલની શોભામાં વૃદ્ધિ કરી રહ્યાં છે. આ સિવાય નાયક બોમ્બ નાયિકાના વિરહમાં જે ત્રણસો

જેટલી ગઝલ લખે છે એ વિષે તો શું કહું? નવલકથામાં કવિતા!

લોભી એવા ઉદ્યોગપતિ પિતા કણલોભી પ્રોટોન સામે પ્રેમનું આંદોલન છેડી અણુ અને બોમ્બ જ્યારે રણ માર્ગેથી સમુદ્રે અને ત્યાંથી એટલાન્ટિકના થીજાવી દેતાં પહાડો પર ચાલીને જાય છે ત્યાં આપની કલમે કમાલ કરી છે. અહીં તો જાણે આખેઆખો પરિવેશ વાંચતા જ અનુભવાયો. થયું કે હવે ત્યાં જવાની પણ શી જરૂર છે! આપે આપના શબ્દો દ્વારા અમારું ખિસ્સા-દ્રવ્ય બચાવ્યું એ માટે હું આપનો આજીવન ઋણી રહીશ. એ ચારસો પાનાંનું લખાણ અને એ પ્રવાસ થોડો લંબાવી શકાયો હોત એવું હું માનું છું. અને બાકીનાં છસ્સોએક પૃષ્ઠોમાં જે રીતે બેઉં અવકાશયાન બનાવી વાયુમાર્ગે બુધગ્રહ પર ચાલ્યાં જાય છે એ વાંચી હું દ્રવી ઊઠ્યો. આર્ટ્સ વિદ્યાશાખાના સમાજશાસ્ત્ર વિષયમાં બે વખત નાપાસ થયેલી નાયિકા અણુ અને પાંચ ધોરણ ફેલ અણિયાળું – કંઈક અંશે તીખું નાક ધરાવતા નાયક બોમ્બમાંથી પ્રેરણા લઈ આપણે પણ વિજ્ઞાન જેવા વિષયનું ઈત્તર વાંચન કરવું જોઈએ.

શ્રી અહિંસાસુખ વિદ્રોહીજી, મારું તો મક્કમપણે એવું માનવું છે કે આપનું પુસ્તક અભ્યાસક્રમમાં સ્થાન પામવું જોઈએ. આ માટે મેં શિક્ષણખાતામાં અરજી કરી છે. ચીમકી પણ આપી છે કે જો આ પુસ્તકને અભ્યાસક્રમમાં સ્થાન નહીં મળે તો હું ગુર્જરભૂમિની દરેક ગલીઓમાં તેનું લાઉડસ્પીકર સાથે પઠન કરીશ. મારી ચીમકી સાંભળી તેઓ એક વખત મારી દીર્ઘ મુલાકાત પણ લઈ ગયા છે. એમને જ્યારે કથા સંભળાવી ત્યારે તેમણે બે હાથ જોડી કલ્પાંત કરી મૂકેલ. જો હું આપની આ વિશિષ્ટ કૃતિ ન વાંચું તો અધિકારીઓ

મને એમનો આ મહિનાનો અડધો પગાર આપશે એવી લાંચ આપી છે. પણ હું એમની લાંચમાં આવવાનો નથી! ભલે હું બેરોજગાર રહ્યો, પણ એક સાચા સર્જકને અન્યાય નહીં થવા દઉં. આપે કથામાં જે સંવેદન વાવ્યું છે તેને મારા બે હાથ જોડીને વંદન. વધુ કંઈ ન કહેતાં હવે હું અટકું.

# આંખ

મારે ચશ્માં ખોવાઈ ગયાં પછી કેવી કેવી વિટંબણાઓનો સામનો કરવો પડે તેના પર વિગતવાર ફારસ લખવું હતું. આંખના નંબર ન હોવાના કારણે હું પ્રયોગ ન કરી શક્યો અને એ રીતે ગુજરાતી સાહિત્યની મેં સેવા કરી છે એવું એક સાહિત્યિક મિત્રએ કહ્યું ત્યારે મને રાવણને દુંટીમાં વાગેલા તીર સમકક્ષ જ પીડા ઉપડી. જો કે દાક્તરને બતાવતા ખ્યાલ આવ્યો કે એ પીડા બહારનું અધકચરું દાબીદાબીને ઊભી થયેલી છે, નહીં કે મિત્રના સ્વાંગમાં શત્રુ બની પ્રગટ થયેલા સાહિત્યિક મિત્રના વ્યંગબાણથી.

તો પણ આંખ પર તો લખવું જ અને એ માટે થાય એટલા જાત અનુભવો કરવા હું સજ્જ થયો. મારો ઉદ્દેશ્ય માત્ર ને માત્ર આ નિબંધ વિશ્વકક્ષાએ ડંકો વગાડે એટલો હતો. મેં આંખ ઉપર ગાંધારીની માફક પટ્ટી બાંધી લીધી અને ઘરમાં ચશ્માં ખોવાઈ જાય તો કેવી કેવી વિપદા સર્જાય તે માટે અહીંથી તહીં ઘૂમવા લાગ્યો. ચશ્માં ખોવાઈ ગયાં પછી ઝાંખું દેખાય એટલે કેટલું ઝાંખું દેખાય એ વિશે અને વિષય પર હું તદન અજ્ઞાની હતો. પરિણામે આંખ પર પટ્ટી અને એ પણ કાળી પટ્ટી બાંધવાનો મક્કમ નિર્ણય મને નર્કમાં તાણી ગયો.

હું ખુલ્લાં રાખેલાં બારણાંની દિશા તરફ ચાલી રહ્યો હતો. ત્યાં સમગ્ર શક્તિ સાથે પવન ફૂંકાયો અને બારણું બંધ થયું. આમ તો સમયસર કોઈ જગ્યાએ ન પહોંચવાનો મારો કિર્તીમાન અતૂટ છે પણ જ્યારે બારણું બંધ થયું એ સમયે જ હું ત્યાં પહોંચ્યો અને ધડાંગ કરતો કાટખૂણે અથડાયો. આથી શ્રીમતીજીને તો એવું જ લાગ્યું કે પાડોશીએ ફરી પેલા ડાઘિયા કૂતરાને માર્યો હશે. જે છાશવારે તેમની કારના ટાયર પર મૂત્રસ્ત્રાવ કરી જાય છે.

આ ભયંકર અથડામણ પછી મેં નીચે બેસી જતાં નિર્ણય લીધો કે આ પ્રકારની પ્રવૃત્તિ કરતાં પૂર્વે એક વખત અખબારનું વાંચન કરી લેવું! કે ટીવી જોઈ લેવું! જેથી હવામાન વિભાગની આગાહીઓનો ખ્યાલ આવી જાય અને એ દિવસે આ પ્રકારની સાહસિક સાહિત્યિક પ્રવૃત્તિઓ અવગણવી. આવી અશુભ ઘડીએ, માથા પર હાથ ફેરવતા મને સ્મરણ થયું કે વાર્તા અને નવલકથાના નાયકો ને નાયિકાઓ કેવી રીતે સફાળા બેઠાં થઈ જતાં હશે? મને તો તીવ્ર તમ્મર ચડી ગયેલી.

એકાએક મારા મગજમાં પેલી અકબર-બીરબલની બાળવાર્તાનું સ્મરણ થઈ આવ્યું. જેનો બોધ હતો કે જે થાય છે તે સારા માટે થાય છે. બારણું ખુલ્લું હોત અને હું બહાર નીકળી જાત તો પગથિયામાર્ગે ભીષણ અકસ્માત સર્જાત. શક્ય હોય કે પેલો ડાઘિયો કૂતરો પણ બહાર પાડોશીની વાટ જોતો ઊભો હોય અને એ ન નીકળતાં તેનો સમગ્ર ગુસ્સો મારા પર ઊતારે.

હારેલો જુગારી બમણું રમે એમ હું બમણો અનુભવ કરવા માટે બેઠો થયો. કાચની બારીમાં ભટકાયો, ટાંગો લાકડાના ટેબલની સાથે અફળાયો અને દહેજ કેટલું મોટું દૂષણ છે

તેનું મને ભાન થયું, કબાટમાં માથું પછડાતા ઉપર રહેલા એક મિત્રનો અછાંદસ કવિતાસંગ્રહ 'જોરથી પડે તો ઝીલી લેજો…' મારી માથે પડ્યો. દીવાલમાં માથું ભટકાતાં મને લાગ્યું કે નાકમાંથી લોહીની ટશર ફૂટી ગઈ છે પણ બાદમાં ખ્યાલ આવ્યો કે એ તો સળેખમ હતું! ઉઘાડા રહી ગયેલા ઈલેક્ટ્રિસિટી બોર્ડે મુજ આગંતુકને આવકાર્યો અને પોતાની એપ્રોપ્રિયેટ ફરજ બજાવી. એ રીતે મને વીજળીનો કાપ પૂર્ણ થયો છે અને ચાર વાગી ગયા છે તેની માહિતી સાંપડી. આમ થોડી થોડી વાર હું ઊભો થતો રહ્યો અને બેસતો ગયો. પણ દૃઢ મનોબળ કે નિબંધ તો વિશ્વકક્ષાએ ડંકો વગાડવો જ જોઈએ. આ હેતુથી હું થોડો આગળ ચાલ્યો અને પછી રાડારાડી કરી મૂકી.

હવે થયું કે અત્યાધિક અનુભવો કરી વિશ્વકક્ષાનો નિબંધ લખવાના પ્રયાસોમાં ક્યાંક જે પરચૂરણ લખાય છે એમાંથી પણ હાથ ન ધોવા પડે. મેં આંખ ઉપરથી પટ્ટી છોડી નાખી ત્યારે મને પત્નીએ હમણાં જ ઉતારીને મન ફાવે ત્યાં પાર્ક કરી દીધેલું ધગધગતું બકડિયું દેખાયું, પણ એ ક્યાંય ન દેખાય! દવાખાનેથી લંગડાતો લંગડાતો પરત ફર્યો અને વિશ્વકક્ષાનો નિબંધ લખવામાં ક્યાંક રાશનકાર્ડમાંથી નામ ન ભૂંસાઈ જાય; આથી મેં નમતું જોખ્યું. આમ, વિશ્વ એક ઉત્કૃષ્ટ નિબંધથી વંચિત રહી ગયાનો પરિતાપ આજેય મને કોરી ખાય છે.

# એક રવિવારે

પ્રિય રતિલાલ બોરીસાગરજીએ, 'ભજ આનન્દમ્' પુસ્તકમાં એમના સ્મૃતિસંગ્રહાલય વિશે લખ્યું ત્યારથી સ્વપ્નમાં મારું પણ એક અલાયદું સ્મૃતિસંગ્રહાલય હોય તેવી ઇચ્છા સળવળતી હતી. મને સ્વપ્નો જોવાં ખૂબ ગમે છે અને આથી જ અંગ્રેજી ન આવડતું હોવા છતાં અંગ્રેજીના બહુવિખ્યાત પુરસ્કારો મારા સંગ્રહાલયમાં પડ્યા છે એ જોઈ મારા કૌતુકપ્રેમનો પાર નહોતો રહેતો. હું સ્વપ્ન માંહેની આ ક્રિયાનું પુનઃ પુનઃ રટણ કર્યા કરતો હતો. સ્વપ્નમાં મને ઘણા દેશોના પુરસ્કારો મળતાં હું જોઈ શકતો, સિવાય કે ગુજરાતી! અને આ રીતે, ઊઠીને હું આ સ્વપ્નની સાર્થકતા નીહાળતો.

આ સ્વપ્ન એટલું લાંબું ચાલતું હતું કે એક રવિવારે શ્રીમતીજીએ કલ્પાંત આરંભેલો કે હું ગુજરી ગયો છું. હું ગુજરી જ ગયો હોત તો સારું હતું પણ આ હૈયાવરાળથી મારી અખંડ સ્વપ્નસાધનામાં ભંગ પડ્યો. મારે સફાળા બેઠા થવું પડ્યું અને આમ રજાના દિવસે બેઠા થવાનું મને ભારે પડ્યું. પત્નીનાં અસહ્ય વિલાપથી હું સમસમી ગયો. અને હે પ્રિયે, તારા મારા પ્રત્યેના અસીમ અનુરાગથી હું સુપેરે પરિચિત થયો છું એવું સાહિત્યિક ભાષામાં તેને જણાવ્યું ત્યારે તેણે આજે ઘરનું કામ તમારે કરવાનું છે કહી પોતાની સખીઓ

સાથે અહમદશાહ સ્થાપિત નગરનું ભ્રમણ કરવા ચાલી ગઈ.

મારે ઘરનાં કેટલાંક નહીં પણ કેટલાં બધાં વાસણો ઉટકવાં પડ્યાં, એ માટે સાબુ ન હોવાથી પ્રથમ મારે દુકાને સાબુ લેવા જવું પડ્યું, પરંતુ સ્મૃતિવિલોપન અને વિચારવાયુના પરિણામે હું વાસણ ઉટકવાની જગ્યાએ કપડાં ધોવાનો સાબુ લાવેલો એટલે મારે ફરી જવું પડ્યું. પતિ તરીકે સહિષ્ણુ હોવાથી મેં વાસણ એટલાં મન લગાવી ઉટક્યાં કે ઉટક્યાં પછી પણ તેમાંથી સાબુની તીવ્ર સુવાસ આવતી હતી. અને આ રીતે કાર્યસિદ્ધ કર્યાનો મને પારાવાર સંતોષ થયો.

મેં કચરો કાઢ્યો. કચરો કાઢવાથી મને આળસ આવતી હતી એટલે હું મનોમન પેલા ભજનની કડીઓનું રટણ કરતો હતો, ‘પાંચ પચીસના ઝગડામાં, મારો હીરો ખોવાણો કચરામાં...’ મનેય હતું કે ક્યાંક કચરામાંથી હીરો મળી જશે, હું અમીર થઈ જઈશ અને લેણિયાતોની ઉધારી ચૂકવી દઈશ. તેની જગ્યાએ શ્રીમતીજીના ઘેઘૂરવાળનો જથ્થો સૂપડીમાં ભેગો કરતા કરતા કલાક વીતી ગઈ. સાવરણી નવી હોવાથી એ પોતાના અંશો પાછળ છોડતી જતી હતી. અને મને થતું હતું કે આ ઘરમાં ‘ગૃહસ્વચ્છતા’ની કોઈને કંઈ પડી નથી.

રોજ તો આવું બનતું નથી, પરંતુ આજે ઉપરી આદેશ અનુસાર મારે ઘરનો અસબાબ ઊંચકી ઊંચકીને તેની નીચેથી પણ કચરો કાઢવો પડ્યો. એમાં મને ડામચિયાની નીચેથી મારો જ લખેલો એક પ્રેમપત્ર સાંપડ્યો અને હું ખુશ થયો કે સારું થયું આ પેલી કન્યાને ન આપ્યો. જો તે માની ગઈ હોત તો બે પત્નીઓ એકઠી થઈ મારી પાસે ઘરનું કામ કરાવડાવત!

અંતે શ્રીમતીજી ઘરે આવી ગયાં. આ ક્ષણે હું કચરો કાઢવાની

પરાકાષ્ઠાએ પહોંચ્યો હતો. ગ્રીષ્મના અસહ્ય ઉકળાટથી ત્રસ્ત એ નારીએ પંખો ચાલુ કરી દીધો અને કચરાનું ફરી વિઘટન થઈ ગયું. ઘરમાં આવેલા કચરાલોકનું સુવ્યવસ્થિત સંગઠન કરી લીધાં પશ્ચાત અહીં હીરો નથી એથી હું અજ્ઞાની જ્ઞાત હતો, પરિણામે મન મારીને પણ કામ કરવું પડ્યું.

એ જ દિવસે વૉશિંગ મશીન બગડી ગયું હોવાથી કપડાં હાથે ધોવા પડ્યાં. કપડાં ધોવાનો સાબુ પણ નહોતો એટલે મારે ફરી ઘરની બહાર જવું પડ્યું અને હું વ્યથિત થયો કે ક્યાં મેં વાસણ ઉટકવાના સાબુ સાથે કપડાં ઉટકવાના સાબુની અદલાબદલી કરી નાખી. બંને રાખ્યા હોત તો સારું હતું.

હું ગયો તો ભેગાભેગ ન્હાવાનો સાબુ પણ લઈ આવ્યો કે ક્યાંક મારે ફરી ધક્કો ન થાય, પરંતુ ન્હાવાના સાબુ અંકે ચાર ઘરમાં પડ્યા હતા તેની ઘરે પરત આવીને જાણ થઈ. અને પત્નીએ પૈસાના વ્યય બદલ મને ખખડાવી નાખ્યો. કપડાં ધોયાં પછી હું એ સૂકાવવા દોરી પાસે ગયો. એ જ દિવસે દોરીએ બાધા રાખેલી હોવાથી જ્યાં ત્રણ કપડાં સૂકાવું ત્યાં એ બંને ખૂંટાઓ સાથે ફારગતી કરી તૂટી પડી અને એ ત્રણ કપડાં મારે ફરી ધોવાં પડ્યાં. એ કરતાં વિરાટ કષ્ટ એ હતું કે મારે દોરી લેવા ફરી બહાર જવું પડ્યું. જોકે એ દોરી ટૂંકી નીકળી અને મારે ફરી એક દોરી લેવા જવી પડી. મેં એ દોરીને પૂર્વ ખરીદેલી દોરી સાથે મુશ્કેટાટ બાંધી ખૂંટાઓ સાથે તેનું ફરી વેવિશાળ કરાવ્યું અને ત્રણ કપડાં સૂકવ્યાં. પણ આ વખતે ખૂંટાઓને પેલી દોરી પસંદ ન હોવાથી તેમણે બળવો કર્યો અને ખૂંટો નીકળી ગયો.

હું હથોડી લઈ ફરી જામ્યો. ને આ રીતે નવી લાવેલી ભાર્યાં પસંદ ન હોવા છતાં હું એમનો ઘરસંસાર માંડીને રહ્યો.

આટલું બધું કામ કરીને હું વિક્ષુબ્ધ થઈ ગયો હતો. રહી રહીને ઓછાડ ઝાટકવાનો આદેશ આવ્યો. એમાંથી પણ કેટલોક કચરો બહાર ઢોળાઈ પડ્યો. હું ફરી સૂપડી અને સાવરણી લઈ મંડ્યો અને ફરી મને લાગ્યું કે ઘરમાં બરાબર કચરો કઢાતો નથી અને ફરી મને ઘરમાંથી હીરો ન જડ્યો. એક માત્ર રસોયા બનવાથી હું બચી ગયો, કારણ કે મારું ભોજન કરવાથી ભૂતકાળમાં ઘણાં લોકોને અપચાની સમસ્યા થઈ છે.

કામ પતાવી, સ્નાન કરી, ભોજન લઈ, હું ફરી ઊંઘી ગયો. પણ ઊંઘ આવતી નહોતી, એટલે ખાટલા નીચે પડેલું અને શ્રીમતીજીએ લગ્નવર્ષગાંઠમાં ભેટ આપેલું પુસ્તક ‘લગ્નજીવનના પાંચસો ફાયદાઓ’ લઈ હું વાંચવા બેઠો. આ પુસ્તક વાંચવાથી મારી ઊંઘની બીમારીને શરીરવટો મળ્યો હતો. આટલું અદભુત પુસ્તક લખનારા લેખકને મળવાની મારી ખૂબ તમન્ના હતી, પણ જ્યારે પત્નીએ કહ્યું કે તેઓશ્રી તો વાંઢા છે ત્યારથી મારી એ ઇચ્છાનું મરણ થયેલું.

લાલચ તો હતી કે હું ઊંઘમાં પુનઃ સ્મૃતિસંગ્રહાલયનું સ્વપ્ન જોઉં પણ ખબર નહીં કેમ? આંખો મીંચતા મને વારંવાર શ્રી વિનોદ ભટ્ટની આત્મકથાનાં વાક્યો જ યાદ આવતાં હતાં, ‘મારું લગ્ન બાવીસમાં વર્ષે થયું હતું. એ સમયે આ ઉંમર મતદાન માટે ભલે પક્વ ગણાતી હોય, પણ લગ્ન માટે પક્વ, પરિપક્વ ન ગણાય. આજે અનુભવે હું તો 60 વર્ષની ઉંમરને પણ લગ્ન માટેની પાકટ વય ગણતો નથી. આ ઉંમર સુધી કુંવારો રહી શક્યો હોય એ પુરુષને હું પરિપક્વ માનું છું.’ તો આ રીતે શ્રી બોરીસાગરજીના નિબંધથી શરુ થયેલી મારી સ્વપ્નયાત્રા શ્રી વિનોદ ભટ્ટે આવી અટકી ગઈ.

# તમે વાર્તા કેમ નથી લખતા?

'તમે વાર્તા કેમ નથી લખતા?' એવું કોઈ પૂછે ત્યારે એમાં મારું હિત સચવાયેલું છે કે અહિત તેની ખબર નથી પડતી. ભૂતકાળમાં મારા એક મિત્રના ભારે આગ્રહને કારણે એક વાર્તા લખી કાઢેલી. એ મને ખૂબ પસંદ આવેલી. મને થતું હતું કે ગુજરાતી સાહિત્યમાં હજુ સુધી આ ભાતની વાર્તા લખાઈ જ નથી. મેં મોકલી ત્યારે તેમને ન ગમી એ બીજી વાત. આમ દસેક વાર્તાઓ એ મિત્રના દબાણને કારણે જ લખવાની થઈ પણ એમના વાર્તા વિદ્વત માનસને અનુકૂળ ન આવી. તોય ગઈકાલે એ વૉકિંગ કરતા મળી ગયેલા અને મને કહેતા હતા કે, 'હમણાં કેમ વાર્તા નથી લખતા? તમારે તો વાર્તા લખવી જ જોઈએ!'

વાર્તા સિવાય હું ઘણું બધું લખી શકું એમ છું અને એ ઘણું બધું લખવાનાં જ મને આમંત્રણો મળતાં રહે છે. આ અંગે મને એક વિદ્વાનનો એવો અભિપ્રાય મળ્યો છે કે, 'આમ તો તમારાં બીજાં સાહિત્યિક સ્વરૂપો પણ નબળાં જ છે, પરંતુ વાર્તા જેટલાં નથી.' હવે મને થાય છે કે મારે વાર્તા તો ન જ લખવી જોઈએ, પણ બીજું ઘણું બધું લખવાનું ઝડપથી બંધ કરવું જોઈએ.

હું એકાંતમાં મિત્રોને પૂછતો હોઉં છું, 'જો હું ખરાબ લખતો હોઉં તો શા માટે મને વારંવાર લખવાનાં આમંત્રણ મળતાં રહે છે?' મારી વાર્તાની નબળાઈ વિષે ભલે તેમના માનસમાં ભિન્ન ભિન્ન મતાંતર પ્રવર્તતા હોય, પણ આ અંગે જ્યારે પૂછું ત્યારે તેઓ એકસૂરમાં કહે છે, 'તમે મફતમાં તો નથી લખતા ને…?'

તોય મને થયા કરતું હતું કે મારે વાર્તા તો લખવી જ જોઈએ. મારી ભાષામાં હું સર્વશ્રેષ્ઠ વાર્તા લખી શકું છું એવું સિદ્ધ કર્યે જ છૂટકો. આ વિષે મેં મારા વાર્તાકાર મિત્રને પૂછ્યું ત્યારે તેણે ઘોતક ટાપુ પર થનારી વાર્તા મંડળીની મને જાણ કરી. ત્યાં પાંચ વર્ષે એક વખત વાર્તાકારો એકઠા થતા અને પોતપોતાની વાર્તાઓનું પઠન કરતા. મારા એ સજ્જન મિત્રએ મને કહ્યું કે તમારે તમારી મૌલિક વાર્તાકૃતિની સાથે એકાદ શસ્ત્ર પણ લઈ જવું. આ સાંભળી હું વિસ્મય પામ્યો. જોકે તેણે મને તેની છાતીમાં પડેલું એક નિશાન બતાવી કહ્યું : 'આ જુઓ, પાંચ વર્ષ પહેલા હું ત્યાં ગયેલો ત્યારે એક વાર્તાકારના પ્રતીક સાથે સહમત ન થવા બદલ એણે મારા પર છરી વડે ઘાતકી હુમલો કરેલ. મારી પાસે રક્ષણ કાજે કોઈ હથિયાર નહોતું. પણ હવે તમે જાવ તો હથિયાર લઈને જજો.' થોડીવાર અટકીને તેણે ઉમેર્યું, 'ત્યાં કોઈની વાર્તાનાં ટેકનિક, પ્રતીક, પ્રયોગ, પાત્ર, ઘટના તિરોધાન, કલાભિવ્યક્તિ, સંવાદ, રૂપરચના, સંન્નિધિકરણ, કથા, આ વિષે બોલવામાં કાળજી લેવી.' આ સાંભળી હું વિચારતો હતો કે તો મારે બોલવું શેના પર? અને એક વાર્તામાં આટલું બધું હોય છે તેની તો મને ત્યારે જ ખબર પડી.

થયું કે નક્કી તેઓ માથા ઉપર બંદૂક કે ગળા પર છરી રાખી સારી વાર્તાઓ લખાવતા હશે. એમાં મને મારા સહિત

મારા ભાવિ ભાવકોનું પણ સાહિત્યિક કલ્યાણ દેખાતું હતું. ભલે ડરથી તો ડરથી એક સારી વાર્તા લખાશે એ ઉદ્દેશ સાથે હું બિસ્ત્રા-પોટલાં અને રવિવારની ગુજરી બજારમાંથી એક સસ્તા ભાવનો કટાયેલો છરો લઈ ત્યાં પહોંચ્યો!

ઘોતક ટાપુ ઉપર એક ઇમારત હતી. એ ઇમારતમાં ડ્રેક્યુલાના બંગલા જેવો હળવો અણસાર આવતો હતો. ત્યાં પાંચ વાર્તાકારો ઉપસ્થિત હતા. એક વાર્તાકારના ઝભ્ભામાંથી મને છરીની અણી દેખાતી હતી. સૂર્યનું કિરણ તેની તીક્ષ્ણ અણીને સ્પર્શતા કોઈ લોકભોગ્ય નવલકથાના નાયકને થાય છે એમ મારા અંગ-પ્રત્યંગમાંથી લખલખું પસાર થઈ ગયું. તુરંત મને જ્ઞાન લાધ્યું કે કદાચિત્ તેઓને વાર્તા લખવા માટે મસમોટો પુરસ્કાર મળતો હશે, નહીં તો આટલી ધારદાર ને મોંઘાભાવની છરી કોઈ કેવી રીતે ખરીદી શકે!

હું એ કોઈ વાર્તાકારોને પીછાણતો નહોતો. તોય હું એવું વર્તન કરતો હતો કે હું તેમને પીછાણું છું, કેટલીક વખત આવું વર્તન કરવાથી પણ ખરાબ વાર્તાઓ સારી બની જતી હોય છે, એવું મને મારા ઇનામ વિજેતા વાર્તાકાર મિત્રોએ શીખવાડેલું. પણ દુઃખની વાત કે એ કોઈ મને પીછાણતા નહોતા! સાહિત્યકારોને શા માટે લોકપ્રિયતા પ્રાપ્ત નથી થતી એનું અહીં મને નજીવું પ્રમાણ મળ્યું.

મારી અગાઉની વાર્તાઓ સાથે આ વાર્તામંડળીમાં હું જે વાર્તાનું પઠન કરવાનો હતો તેની મનમાં તુલના કરી. વારંવાર મને મારી કૃતિ નબળી લાગતી હતી. હું જેમ વિચારતો એમ એ નબળી બની જતી. એ વાર્તાની ઘટના મને એક અખબારની મંગળવારની પૂર્તિમાંથી પ્રાપ્ત થયેલી. લખી ત્યારે તો એવું લાગ્યું કે આ કૃતિમાં કાળજયી બનવાનાં તમામ લક્ષણો છે.

જોકે અહીં પહોંચતા એ વાર્તા અને હું બેઉં કાળમાં હોમાઈ જવાની પૂરતી શક્યતાઓ સેવાઈ રહી હતી. અહીં હુમલો થાય એ ભીતિને કારણે હું ત્યાંથી ઊભી પૂંછડીએ ભાગ્યો. એમણે મને સાહિત્યિક ભાષામાં રોકવાનો યથાશક્તિ પ્રયાસ કર્યો. એમની આ મુશ્કેલ ભાષા સાંભળી મને લાગતું હતું કે, તેઓ મને રોકવાની જગ્યાએ ધમકાવી રહ્યા છે! વાર્તાની ચાસણી થાય તો બરાબર, પરંતુ મારા શરીરની ચાસણી થાય એ પરવડે એમ નહોતું. એટલે હું ભાગી આવ્યો. આજે મને ફક્ત એટલું જ યાદ છે કે એમાંથી એક વાર્તાકારની શ્રદ્ધાંજલિ મેં અખબારમાં વાંચેલી!

વાર્તા લખવાનો આરંભ મેં ક્યારે કર્યો એની બરાબર જાણકારી નથી. સ્વરચિત વાર્તાઓ લખીને એનું ખાસ્સું પઠન કર્યું પણ કોઈએ બિરદાવી નહીં. મેં નિશ્ચય કર્યો કે હવે કોઈ વાર્તાકારની વાર્તા મને સારી લાગે તો એનાં પાત્રો અને પરિવેશને બદલી દઈ હું નકલ કરીશ. દુર્ભાગ્યે હું જ્યારે જ્યારે વાર્તા સાહિત્યને ઉત્તમ બનાવવાના ઇષ્ટ પ્રયત્નો કરું છું ત્યારે ત્યારે માર ખાઈ જાઉં છું. ત્યારે કૉમ્પ્યુટર જેવી સુવિધાઓ હોવા છતાં ગુજરાતી ટાઈપિંગ આવડતું નહોતું. વાર્તાઓ કાગળમાં ઉતારવી પડતી. એક અખબારમાં કોઈ અજાણ્યા લેખકની વાર્તા વાંચતા મને તેની નકલ કરવાનું ઇજન મળ્યું. એ કોઈ બહુપ્રતિષ્ઠિત વાર્તાકાર ન હોવાના કારણે હું નકલ કરવા ઉત્તેજિત થયો. બાપુજીના ઝેરોક્ષના કોરા કાગળ લીધા અને ખૂબ મહેનત બાદ એમાંથી મેં નવી વાર્તાને જન્મ આપ્યો. બે – ચાર વખત વાંચી ગયો. મનને નિરાંત થઈ. થયું કે આ પ્રકારનું વાર્તાકર્મ તો આજ સુધી કોઈએ નહીં કર્યું હોય.

એટલામાં મારા વાર્તાકાર મિત્રનો ફોન આવ્યો. એ કહી

રહ્યો હતો કેઃ ‘રવિવારની પૂર્તિમાં એક વાર્તા પ્રકાશિત થયેલીને?’

પહેલા તો મને થયું કે આને કેવી રીતે ખબર પડી કે હું એ જ વાર્તાની નકલ કરી બેઠો છું. બીક ઉડાવી મેં કહ્યું, ‘હા તો? એ તો ઉત્તમ વાર્તા છે. એવી વાર્તા મેં આજ સુધી વાંચી નથી.’

પેલો વાર્તાકાર મિત્ર કહે : ‘એ જ ને? એ કોઈ રશિયન વાર્તાકારની વાર્તાની નકલ હોવાનું વાર્તાકારો આપણા વોટ્સએપ ગ્રુપ ‘ફક્ત તને જ સમજાય એવી વાર્તા તું લખ...’માં ચર્ચી રહ્યા છે. ફકરાના ફકરાઓની સરખામણી થઈ રહી છે.’

એ ઘટના પછી પણ નકલ કરી વાર્તા લખવાના મારા તરંગો શમ્યા નહોતા. આ વખતે અખબારની જગ્યાએ એક સાહિત્યિક સામાયિક ઉપર મેં પસંદગી ઉતારી. એ વાર્તાની કોઈને પણ ખબર ન પડે એમ મેં કુનેહપૂર્વક નકલ કરી. તમામ સામાયિકોએ એ ઉત્કૃષ્ટ વાર્તાને નકારી કાઢી. આજે આટલાં વર્ષે ખ્યાલ આવ્યો છે કે એ વાર્તા કોઈ ઉર્દૂ વાર્તાકારની વાર્તાની નકલ હતી. ઉર્દૂ સાહિત્યનો ઇતિહાસ ફંફોસતા માહિતી પ્રાપ્ત થઈ કે એ ઉર્દૂ વાર્તાકારને કોઈ વાર્તાકાર ગણતું જ નહોતું! એમનું આત્મકથન વાંચતા તો હું આક્રંદ કરી બેઠો કે એમની પત્ની જ એમને વાર્તાકાર નહોતી ગણતી.

વતનમાં રહેતા મારા બાળગોઠિયા મિત્રોને ફોન જોડું ત્યારે અચૂક પૂછું છું કે ત્યાં મારી શેરીમાં વિચરણ કરતો પેલો વિશાળકાય ખૂંટિયો હજુ જીવે છે?

તેઓ કહે, ‘હા જીવે છે.’ પછી હું એ વાતમાં ઊંડો નથી ઉતરતો, કારણ કે ભૂતકાળમાં મારી એક વાર્તાનું અડધું

પાનું ચરી ગયા પછીથી એ મને જોઈ રઘવાયો થઈ જાય છે. એ પાપી ખૂંટિયાના પ્રતાપે જ મારી વાર્તાઓથી તમે નિર્દોષ ભાવકો વંચિત રહી ગયા છો. ઘણા તો એમ પણ કહે છે કે આજ સુધી એ ખૂંટિયાએ જ ગુજરાતી વાર્તા સાહિત્યનું મારી ખરાબ વાર્તાઓથી રક્ષણ કર્યું છે.

દસ વર્ષ પહેલા એક વાર્તા શિબિર થયેલી. એમાં અમારો એક મિત્ર જઈ પહોંચેલો. દસ વર્ષથી એણે એક પણ વાર્તા લખી ન હોવા છતાં આજે પણ એ મળે તો કહે છે, 'જો તું એ વાર્તા શિબિરમાં આવ્યો હોત તો તારી સામાન્ય ઘટનાઓને સાહિત્યિક વાર્તારૂપી નવો ઘાટ મળ્યો હોત.' અલબત એ મિત્ર જ નહીં, એ વાર્તા શિબિરમાં જેટલા પણ ગયેલા એમણે બાદમાં વાર્તા સિવાય તમામ સાહિત્યિક સ્વરૂપોમાં ખેડાણ કરેલું.

પરંતુ વાર્તાઓ લખવી એમ વાર્તા વાંચી એને ઉકેલવી એ પણ એક સમર્થ કલા છે. હું એક વાર્તા પાંચ વખત વાંચું છું અને પછી બીજો કોઈ સાહિત્યકાર મિત્ર કહે કે એ સરસ છે તો હું એને સારી વાર્તામાં ખપાવું છું. વચ્ચે મેં કેટલીક વાર્તાઓનાં અનુવાદ પણ કરેલા. એમ કરવાથી મુખ્ય વાર્તા કરતાં અનુવાદિત વાર્તાનો મેદ વધી ગયેલો અને એ કાંઈક નવી જ વાર્તા બની ગયેલી.